અભંગદ્વાર
પાઠશાળા

જ્યાં, જે વાંચીને
માથું સહેજ હલવા
માંડે, આંખો
પહોળી થાય,
ત્યાં થોભી જજો !
શાન્ત ચિત્તે
આંખો મીંચીને
ઊંડાણમાં જજો !

Melbourne
Shwetambar Jain Sangh

અભંગદ્વાર પાઠશાળા

તમે જેવા છો
તેમાંથી કાંઈક
વધુ સારા,
વધુ સાચા
બનવાની
કોશિશ કરજો.

Melbourne Shwetambar Jain Sangh

હા ! મનમાં
એવું છે ખરું કે
મને જે ગમ્યું
તે બધાને ગમે
તો કેવું સારું !
એ ભાવ તો સતત
રમતો રહ્યો જ છે.

ભદ્ર સ્વભાવી હૃદયને
આ શબ્દોનો
યોગ સાંપડશે તો તે
અંદર જઈને તેને
સત્-સંમુખ બનાવશે,
મોતી બનાવશે તો
એમાં બિંદુની
સાર્થકતા છે,
ધન્યતા છે,
ચિરંજીવિતા છે.

અભંગદ્વાર પાઠશાળા

# નૈમિત્તિક અનુષ્ઠાનો
# થવાં જોઈએ,
# ખૂબ થવાં જોઈએ,
# પણ તે બધાં
# નિત્ય અનુષ્ઠાનોમાં
# કારણ બનવા
# જોઈએ.

Melbourne
Shwetambar Jain Sangh

અભંગદ્વાર પાઠશાળા

આજકાલ આ
નિત્ય અનુષ્ઠાનોના
મૂળ હેતુનું જ્ઞાન
ન હોવાના કારણે
ઉપેક્ષા થતી હોય
તેમ લાગે છે. તેથી
પાપભીરુતા વગેરે
અંતરંગ ધાર્મિકતા
લુપ્ત થતી
જોવા મળે છે.

Melbourne
Shwetambar Jain Sangh

ગ્રન્થાલય તો
મારું એક સપનું છે;
તે ચોવીસે કલાક
ખુલ્લુ રહેવું જોઈએ.
આપણે તો
જ્ઞાનના પૂજારી
ગણાઈએ છીએ.
તો આપણી જ્ઞાનની
આ પરબ ખુલ્લી જ
રહેવી જોઈએ.

અભંગદ્વાર પાઠશાળા

પૂજ્યપાદ
હરિભદ્રસૂરિજીએ
“લલિત વિસ્તરા”માં
‘અર્થબોધ વિનાના
સૂત્રપાઠને
સૂકી શેરડી
ચાવવા જેવો’
કહ્યો છે.

Melbourne
Shwetambar Jain Sangh